
જે જિજ્ઞાસુ / વિજ્ઞાનપ્રેમી સૌ કોઈ સુધી અવાજ પહોંચે તે સર્વ માટે ...... ISSN 2347-4416

# VOICE OF SCIENCE

વોઈસ ઓફ સાયન્સ

Volume:04, Issue:04, Jan 2018 Banaskantha (Gujarat) Monthly(Gujarati)Pages:30,Price:50 Rs.



## લીઓનાર્ડો દ વિન્ચી

લીઓ જ્ઞાની હતો; વિજ્ઞાની હતો,
ચિત્રકલાનો મહારથી હતો,
શિલ્પનો સોદાગર હતો,
શાસ્ત્રોનો જાણકાર હતો,
કવિ હતો, તત્ત્વજ્ઞાની હતો.
સોહામણો હતો, કસ્તર બાજ હતો,
ઈટાલીની નવજાગૃતિનો પ્રકાશમાન પૂંજ હતો,
નિરામય દેહ ધારી,
એ સંપૂર્ણ માનવી હતો.

દરેક આધ્યાત્મિક જ્ઞાન વિજ્ઞાન છે.

Scanned with CamScanner

**વોઈસ ઓફ સાયન્સ**
વર્ષ : ૪, અંક : ૪
વાર્ષિક લવાજમ રૂા ૩૬૦



**સંસ્થાપક અને તંત્રી**
ડૉ. એમ.વી.હાથી

**સહતંત્રી**
માનસિંહભાઈ ચૌધરી
અભિજીત રાઠોડ

**પ્રકાશન અને મુદ્રણ**
વિશાલ ઓફ સેટ
દ્રોણ બિલ્ડીગ, પાલનપુર

**કમ્પ્યૂટર કાર્ય**
મહેશ પટેલ

**સંપાદક સમિતિ**
ડાં.આર.જે.પાઠક
ડાં.એસ.એચ.પ્રજાપતિ
ડાં. કે.વી.મહેતા
ડાં.ઋષિકેશ વાય.રાવલ

**સલાહકાર સમિતિ**
ડાં.આર.એમ.પંડયા
ડાં.રમેશ ભાયાણી
અર્જુનસિંહ કે.રાઉલજી
પ્રિ.ડાં.વાય.બી.ડબગર
ડાં. ગિરીશ આઈ. ઠાકર
પ્રિ. ભરત ઠાકોર
ડાં.જી.ડી.આચાર્ય
ડાં.એમ.કે.પટેલ
ડાં.કે.સી.પટેલ
પ્રા.આર.બી.પટેલ
ડાં.જે.એન.પટેલ
ડાં.તૃપ્તિ સી.પટેલ
ડાં. મિહીર દવે


# અનુક્રમણિકા


બહુમુખી પ્રતિભા : લીઓનાર્ડો દ વિન્ચી
ડાં.એમ.આઈ.પટેલ,ડાયરેકટર,મરચન્ટ સાયન્સ કોલેજ, બાસણા ૦૧

ગાંધીજીની લાકડી
સૌજન્ય :ગુણવંત શાહ ૦૩

ડૉ. હોમી જહાંગીર ભાભા **(1909 - 1966)**
સૌજન્ય : ડાં. રમેશચંદ્ર ભાયાણી (રાજકોટ) ૦૬

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી વિષેની જાણકારીનો અભ્યાસ
ડૉ. જે.કે. જોષી : પ્રિન્સીપાલ, વિદ્યામંદીર,બી.એડ્.કોલેજ, પાલનપુર ૦૯

પીઠ ઉપર કરવાના આસનો
સૌજન્ય : ડૉ. વિનુભાઈ મ. પટેલ,યોગદર્શન અને સરળ આસનો ૧૩

વીજ કોષ
સૌજન્ય : નગીન મોદી ૧૬

વિનોદભાઈ
સૌ. હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત' ૧૮

બેહતરીન વૈજ્ઞાનિકો કેમ હોય ભૂલકણા?
સૌજન્ય : દેવકી નંદન,ભાવાનુવાદ :શિલ્પા બક્ષી(વડોદરા) ૨૦

પોતાના જ્ઞાનને પરખો
સૌજન્ય :આનંદ મોહન પાન્ડેય ૨૧

વિજ્ઞાન જાગૃત
સૌજન્ય : ડાં. રમેશચંદ્ર ભાયાણી (રાજકોટ) ૨૨

એકમેકની અટારીએથી
સૌજન્ય : જવાહર પરીખ ૨૪

સારા નેતાના ગુણો **(Characteristics of Good leader)**
સૌજન્ય : ડૉ. રાકેશ આર. જોષી ૨૬

વિવિધ વર્તમાન પત્રોમાં આવેલ લેખો આધારિત:ઉત્તરાયણ
સંકલન :ડૉ. એમ.વી. હાથી ૨૮



વાર્ષિક લવાજમ રૂા.૩૬૦, સામાયિકનું લવાજમ નીચેના સ્થળે સ્વીકારવામાં આવે છે.Mobile: 9825391536,Email:voiceofscience@yahoo.com
15,ANAND NAGAR, NEAR JAMPURA SCHOOL,PALANPUR-385001,DIST-BANASKANTHA,GUJARAT.
Voice of Science,Dena Gujarat Gramin Bank,Palanpur-385001,Bank A/c No.:730211050057 ,IFS Code: BKDN0700000


Scanned with CamScanner

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી વિષેની જાણકારીનો અભ્યાસ

ડૉ. જે.કે. જોષી : પ્રિન્સીપાલ, વિદ્યામંદીર ટ્રસ્ટ મેનેજડ્ ઇંગ્લીસ મીડીયમ બી.એડ્.કોલેજ, પાલનપુર

મધ્યકાલીન યુગમાં ગુજરાતની રાજધાની રહી ચુકેલ પાટણ નગરનું સ્થાન ધર્મ, ઈતિહાસ, સ્થાપત્ય, સાંસ્કૃતિક અને કલા તથા સાહિત્ય ક્ષેત્રે જગવિખ્યાત છે. સરસ્વતી નદીના કીનારે વસેલ આ નગર વર્ષોથી સરસ્વતીના ઉપાસકોની કર્મભૂમિ રહી છે. વર્ષ ૧૯૮૬ થી આ નગરની યશકલગીમાં એક નવી શોભા 'વિશ્વવિદ્યાલય' ની સ્થાપના દ્વારા ઉમેરાઈ, જેનું નામાભિધાન 'ઉત્તર ગુજરાત યુનિવર્સિટી' તરીકે કરવામાં આવેલ. પોતાની જન સેવા, રાજસેવા, સાહિત્યસેવા તથા સર્વધર્મ સમભાવને લીધે આ નગરને જેણે વિશ્વના ફલક પર માનભેર સ્થાન અપાવ્યું છે તેવા બહીંમુખી પ્રતિભા ધરાવતાં આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીના નામને આ યુનિવર્સિટીના નામ સાથે જોડવામાં આવ્યું. વર્ષ ૨૦૦૩ થી આ યુનિવર્સિટી 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી' તરીકે ઓળખાય છે. આ યુનિવર્સિટીમાં અત્યારે અનેક ભવનો કાર્યરત છે અને હજારો વિદ્યાર્થીઓ ગુજરાતના અનેક દૂર-દૂરના શહેરોમાંથી અહીં પોતાના વિદ્યાભ્યાસ માટે આવે છે. અભ્યાસક જ્યારે આ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા હતાં ત્યારે અભ્યાસકને યુનિવર્સિટીની એક વિદ્યાર્થીનીએ તેમને પ્રશ્ન કરેલ કે આ હેમચંદ્રાચાર્યજી કોણ છે ? આ વિદ્યાર્થીનીને તેનો જવાબ આપ્યા બાદ અભ્યાસકના મનમાં ત્યારથી એ જાણવાની ઈચ્છા થઈ કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જ અભ્યાસ કરતાં હોય તેવાં વિદ્યાર્થીઓ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી વિષે કેટલી જાણકારી ધરાવતાં હશે ? પ્રસ્તુત અભ્યાસ આ દિશામાં થયેલ નમ્ર પ્રયાસ છે.

**આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીનો પરિચય :**

હેમચંદ્રાચાર્યજીએ જૈન ધર્મના સાથે સંકળાયેલ હતાં. ધંધૂકા તેમની જન્મભૂમિ અને પાટણ તેમની કર્મભૂમિ હતી. હેમચંદ્રાચાર્યજીનું બાળપણનું નામ ચાંગદેવ અને દીક્ષા લીધા પછીનું નામ સોમચંદ્ર હતું. હેમચંદ્રાચાર્યજીનું ઉપનામ કલીકાલ સંર્વજ્ઞ હતું. જેનો અર્થ **"all-knower in the dark period"** એવો થાય છે. હેમચંદ્રાચાર્યજીની માતાનું નામ પાહિણી તથા પિતાનું નામ ચાંચદેવ હતું. તેમના ગુરૂનું નામ દેવચંદ્રસૂરી હતું.

હેમચંદ્રાચાર્યજી ગુજરાતમાં આવ્યા તે સમયમાં ગુજરાતની રાજધાની પાટણ હતી. તેમણે સોલંકી તથા ચૌલુક્ય રાજવી વંશનો ઈતિહાસ શબ્દસ્થ કર્યો છે. તેઓ સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાળના માર્ગદર્શક અને સલાહકાર હતા. હેમચંદ્રાચાર્યજી વ્યકરણશાસ્ત્રી તથા ગણિતશાસ્ત્રી પણ હતા. હેમચંદ્રાચાર્યજીએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં વ્યાકરણગ્રંથો લખ્યાં છે. હેમચંદ્રાચાર્યજી દ્રયાશ્રય નામનું મહાકાવ્ય પણ રચેલ છે. સિદ્ધહેમશબ્દાનુશાસન સંસ્કૃત ભાષાનો વ્યાકરણગ્રંથ છે. તેની રચના થઈ તે પહેલાં મહારાજા ભોજ રચિત વ્યાકરણગ્રંથનો ઉપયોગ થયો હતો. સિદ્ધરાજ જયસિંહે સિદ્ધહેમશબ્દાનુશાસન ગ્રંથ હાથીની અંબાડી પર પધરાવી નગરયાત્રા કરાવી હતી.

ગુણવંત શાહે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં આપેલ દીક્ષાંત સમારોહમાં આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી વિષેની શ્રીમદ્ રાજચંદ્ર દ્વારા રજૂ કરવામાં આવેલ વિશિષ્ટતા તરફ ધ્યાન દોરતાં જણાવેલ કે... તેઓ ધારત તો જુદો પંથ પ્રવર્તાવી શકે એવા સામર્થ્યવાન હતાં. તેમણે ત્રીસ હજાર ઘર (સવા લાખ થી દોઢ લાખ માણસોની સંખ્યા) ને શ્રાવક કર્યા. આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી ધારત તો તેમનો એક જુદો પંથ પ્રવર્તાવી શકત. પણ તેમણે તો તેમના જીવનમાં વિતરાગત્વ સિદ્ધ કર્યું હતું ! આમ પાટણની પ્રભુતાનો ઉજ્જવલ ઈતિહાસ કેવળ રાજકીય નહીં, વિદ્યાકીય પણ છે (પ્રગતિશીલ શિક્ષણ, ૨૦૧૩, પૃ.૬૦)

**સંશોધન અભ્યાસનો હેતુ**



Scanned with CamScanner

- હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જ અભ્યાસ કરતાં હોય તેવાં વિદ્યાર્થીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય વિષેની જાણકારીનો અભ્યાસ કરવો.
- હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જ અભ્યાસ કરતાં હોય તેવાં વિદ્યાર્થીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય વિષેની જાણકારીનો અભ્યાસ તેમના વસવાટના વિસ્તારના સંદર્ભમાં કરવો.
- હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જ અભ્યાસ કરતાં હોય તેવાં વિદ્યાર્થીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય વિષેની જાણકારીનો અભ્યાસ તેમની જાતીના સંદર્ભમાં કરવો.

**સંશોધન અભ્યાસની પદ્ધતિ, વ્યાપવિશ્વ તથા નમૂનો**

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિએ હાથ ધરવામાં આવેલ . પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન અભ્યાસ કરતાં હોય તેવાં વિદ્યાર્થીઓ હતાં. પ્રસ્તુત અભ્યાસના નમૂના તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન અભ્યાસ કરતાં હોય તેવાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ યાદૃચ્છિક ઝૂમખાં નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવેલ. જેમાંથી ૬૦ વિદ્યાર્થીઓ ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતાં હતા જ્યારે ૪૦ વિદ્યાર્થીઓ ઉત્તર ગુજરાત સિવાયના વિસ્તારમાં વસવાટ કરતાં હતાં. જેમાંથી ૩૦ પુરુષ વિદ્યાર્થીઓ જ્યારે ૭૦ સ્ત્રી વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો.

**સંશોધન અભ્યાસનું ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં નમૂના પાસેથી માહિતી એકત્ર કરવા સ્વ રચિત પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવેલ. આ પ્રશ્નાવલિમાં કુલ ૨૦ પ્રશ્નોનો સમાવેશ થતો હતો. તેમાં દરેક પ્રશ્નની નીચે ચાર વિકલ્પો આપવામાં આવેલ. જેમાં ઉત્તરદાતાને આપેલા પ્રશ્નો વાંચી તેની નીચે આપેલ ચાર વિકલ્પો પૈકી જે વિકલ્પ સાચો હોય તેના પર √ ની નિશાની કરી ઉત્તર આપવાનું જણાવવામાં આવેલ.

**માહિતીનું પૃથ્થક્કરણ અને અર્થઘટન**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું એકત્રીકરણ કર્યા પછી તેનું ગુણાંકન ચાવી મુજબ ગુણાંકન કરીને ચલ પ્રમાણે વર્ગીકૃત કરી તેનું પૃથક્કરણ કરી અર્થઘટન કરવામાં આવ્યું.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જ અભ્યાસ કરતાં હોય તેવાં વિદ્યાર્થીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી વિષેની જાણકારીનો અભ્યાસ કરવા માટે સ્વ રચિત પ્રશ્નાલિ પર મેળવેલ પ્રાપ્તાંકોનું વિતરણ સારણી ૧ મુજબ હતું.

**સારણી ૧**

**કુલ વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોનું આવૃતિ વિતરણ અને સાંખ્યિક ગણતરી**

| વર્ગ | આવૃતિ | સુરૂપ આવૃતિ | સાંખ્યિક ગણતરી | |
|---|---|---|---|---|
| | | 0.33 | મહત્તમ પ્રાપ્તાંક | 16 |
| 0-2 | 1 | 8.00 | લઘુત્તમ પ્રાપ્તાંક | 00 |
| 3-5 | 23 | 21.67 | સંખ્યા | 100 |
| 6-7 | 41 | 29.33 | સરાસરી | 7.61 |
| 9-11 | 24 | 25.00 | મધ્યસ્થ | 7 |
| 12-14 | 10 | 11.67 | પ્રમાણ વિચલન | 2.96 |
| 15-17 | 1 | 3.67 | SK વિરૂપતા | (0.13) |
| | | 0.33 | P90 | 12 |
| | 100 | 100.00 | P10 | 4 |
| | | | Q1 | 6 |
| | | | Q3 | 10 |
| | | | Q | 4 |
| | | | Ku (કકુદતા) | (0.25) |
| | | | SKCR | (2.41) |
| | | | KUCR | (-0.48) |

સારણી ૧ જોતાં સમગ્ર નિદર્શના ૧૦૦ શિક્ષકોના આવૃતિ વિતરણ પરથી ગણેલ સાંખ્યિકીની વિગત આ મુજબ છે. સમગ્ર નિદર્શની સરાસરી ૭.૬૧ છે મધ્યસ્થ ૦૭ છે અને પ્રમાણ વિચલન ૨.૯૬ છે. જે સરેરાશ વિદ્યાર્થીઓમાં આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી અંગેની જાણકારી ઓછા પ્રમાણમાં હોવાનો નિર્દેશ કરે છે.

સમગ્ર આવૃતિ વિતરણની વિરૂપતા (૦.૧૩) છે.



Scanned with CamScanner

જે ધન વિષમતા દર્શાવે છે. આવૃતિ વિતરણની વિરૂપતાનો CR (૨.૪૧) છે જે ૧.૯૬ કરતાં વધુ છે. આથી તે ૦.૦૫ કક્ષાએ સાર્થક છે. આથી વિતરણ સમધારણ નથી. તેથી વિષમ છે. તે ધન બાજુ વિરૂપ હોવાથી એમ કહી શકાય કે અહીં મધ્યસ્થ કરતાં મધ્યકની કિંમત વધારે છે.

સમગ્ર આવૃતિ વિતરણની કકુદતા ૦.૨૫ છે. જે ૦.૨૬૩ કરતાં ઓછી છે. તેથી આવૃતિ વિતરણ ફૂટ કકુદતા ધરાવે છે. આ વિતરણનો કકુદરા CR (-૦.૪૮) છે. જે ૧.૯૬ કરતાં નાનો છે. આથી તે ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. આથી કકુદતાની દષ્ટિએ આ વિતરણ સમધારણ નથી. તેથી વિષમ છે.

સામાન્ય રીતે વિસ્તારની અસર જાણકારી પર થતી જોવા મળે છે. ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતાં અને ઉત્તર ગુજરાત સિવાયના વિસ્તારમાં વસવાટ કરતાં વિદ્યાર્થીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી અંગેની જાણકારીમાં કોઈ સાર્થક તફાવત છે કે નહીં ? આ પ્રશ્નનો જવાબ મેળવવા અભ્યાસકે આ મુજબની શૂન્ય ઉત્કલ્પના : ''ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતાં અને ઉત્તર ગુજરાત સિવાયના વિસ્તારમાં વસવાટ કરતાં વિદ્યાર્થીઓની આચાર્યશ્રીહેમચંદ્રાચાર્યજીઅંગેનીજીણકારીમાંકોઈસાર્થક તફાવત નહીં હોય'' રચી. આ શૂન્ય ઉત્કલ્પના ચકાસવા માટે અભ્યાસકે 'ટી' કસોટીનો ઉપયોગ કરેલ જેની વિગત સારણી ૨ માં દર્શાવેલ છે.

સારણી ૨ જોતાં માલૂમ પડે છે ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતાં અને ઉત્તર ગુજરાત સિવાયના વિસ્તારમાં વસવાટ કરતાં વિદ્યાર્થીઓએ કસોટી પર મેળવેલપ્રાપ્તાંકોનો માટે મળેલ 'ટી' મૂલ્ય ૧.૮૭ છે. જે ૧.૯૬ કરતાં ઓછું હોવાથી તે ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી. આથી ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતાં અને ઉત્તર ગુજરાત સિવાયના વિસ્તારમાં વસવાટ કરતાં વિદ્યાર્થીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી અંગેની જાણકારીમાં કોઈ સાર્થક તફાવત રહેલો નથી. જે કોઈ તફાવત જોવા મળે છે તે આકસ્મિક છે. અર્થાત્ ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતાં અને ઉત્તર ગુજરાત સિવાયના વિસ્તારમાં વસવાટ કરતાં વિદ્યાર્થીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી અંગેની જાણકારી એક સમાન રીતે ઓછી છે તેમ કહી શકાય.

સામાન્ય રીતે જાતીની અસર જાણકારી પર થાય છે કે કેમ ? પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી અંગેની જાણકારીમાં કોઈ સાર્થક તફાવત છે કે નહીં ? આ પ્રશ્નનો જવાબ મેળવવા અભ્યાસકે આ મુજબની શૂન્ય ઉત્કલ્પના : ''પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની આચાર્યશ્રીહેમચંદ્રાચાર્યજીઅંગેનીજાણકારીમાંકોઈસાર્થક તફાવત નહીં હોય'' રચી. આ શૂન્ય ઉત્કલ્પના ચકાસવા માટે અભ્યાસકે 'ટી' કસોટીનો ઉપયોગ કરેલ જેની વિગત સારણી ૩ માં દર્શાવેલ છે.

સારણી ૩ જોતાં માલૂમ પડે છે પુરૂષ વિદ્યાર્થીઓ અને સ્ત્રી વિદ્યાર્થીઓએ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોનો માટે મળેલ 'ટી' મૂલ્ય ૦.૫૬ છે. જે ૧.૯૬ કરતાં ઓછું હોવાથી તે ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી. આથી પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી અંગેની

## સારણી ૨

**ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતાં અને ઉત્તર ગુજરાત સિવાયના વિસ્તારમાં વસવાટ કરતાં વિદ્યાર્થીઓએ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોનો મધ્યક, પ્રમાણવિચલન, સરાસરીની પ્રમાણભૂલ અને ટી મૂલ્ય**

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીની પ્રમાણભૂલ | ટી મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતાં વિદ્યાર્થીઓ | 60 | 7.17 | 2.95 | 0.59 | 1.87 | અસાર્થક |
| ઉત્તર ગુજરાત સિવાયના વિસ્તારમાં વસવાટ કરતાં વિદ્યાર્થીઓ | 40 | 8.28 | 2.88 | | | |



Scanned with CamScanner

## સારણી ૩

**પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઓએ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોનો મધ્યક, પ્રમાણવિચલન, સરાસરીની પ્રમાણભૂલ અને ટી મૂલ્ય**

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીની પ્રમાણભૂલ | ટી મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| પુરૂષ વિદ્યાર્થીઓ | 30 | 7.87 | 3.05 | 0.66 | 0.56 | અસાર્થક |
| સ્ત્રી વિદ્યાર્થીનીઓ | 70 | 7.50 | 2.94 | | | |

જાણકારીમાં કોઈ સાર્થક તફાવત રહેલો નથી. જે કોઈ તફાવત જોવા મળે છે તે આકસ્મિક છે. અર્થાત્ પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઆંની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી અંગેની જાણકારી એક સમાન રીતે ઓછી છે તેમ કહી શકાય.

**શૈક્ષણિક ફલિતાર્થ**

પ્રસ્તુત અભ્યાસના ફલિતાર્થા આ મુજબ છે.

- હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જ અભ્યાસ કરતાં હોય તેવાં વિદ્યાર્થીઓ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય વિષેની ઓછી જાણકારી ધરાવતાં માલૂમ પડ્યા હતાં.
- ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતાં અને ઉત્તરગુજરાત સિવાયના વિસ્તારમાં વસવાટ કરતાં વિદ્યાથીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય અંગેની જાણકારી એક સમાન રીતે ઓછી જોવા મળેલ.
- પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી અંગેની જાણકારી એક સમાન રીતે ઓછી જોવા મળેલ.

**અંતમાં.....**

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં હોય તેવા વિદ્યાર્થીઓની આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી વિષેની જાણકારીનો ખૂબ જ ઓછી જોવા મળેલ. આથી, અભ્યાસક આ અભ્યાસના અંતે આ મુજબની ભલામણો યુનિવર્સિટીના પદાધિકારીઓ તથા અધ્યાપકોને કરવા પ્રેરાયા.

અધ્યાપકોએ વિદ્યાર્થીઓ જ્યારે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવે ત્યારે તેમને આચાર્ય હેમચંદ્રાચાર્યજીનો પરિચય આપવો જોઈએ. યુનિવર્સિટીએ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી વિષેની જાણકારી આપતી એક નાનકડી વિડીયો ફિલ્મ તૈયાર કરાવવી જોઈએ તેથી તે પ્રવેશ મેળવતાં વિદ્યાર્થીઓને બતાવી શકાય. યુનિવર્સિટીમાં કોઈ સમારંભ હોય કે કોઈ કાર્યક્રમનું આયોજન કરેલ હોય તો તેમાં પણ આ વિડીયો ફિલ્મ બતાવી શકાય. આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી વિષેની સામાન્ય જાણકારી આપતા કીઓસ્ક શો તૈયાર કરી યુનિવર્સિટીમાં મુકાવવા જોઈએ. જેથી વિદ્યાર્થીઓ તેમનાથી પરિચિત બને. જેમ ગાંધી જીવન અંગૅની પરીક્ષાઓ યોજાય છે તેમ આ યુનિવર્સિટીમાં શ્રી હેમચંદ્રાચાર્યજીના જીવન અને પરિચયની સામાન્ય માહિતી ના સંદર્ભમાં એક સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરી શકાય.


**સંદર્ભ સૂચિ**


દેસાઈ, એચ.જી. અને દેસાઈ, એચ.જી (૧૯૭૭). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. (છઠી આ.). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય.

શાહ, જી., (૨૦૧૩). કેવી હતી શ્રી હેમચંદ્રાચાર્યની ખુમારી !, પ્રગતિશીલ શિક્ષણ, ૧૩(૪), ૬૦.

શેઠ, ડી. (૨૦૧૦). ગુજરાતના ઘડવૈયા હેમચંદ્રાચાર્ય. અમદાવાદ : આર. આર. શેઠ એન્ડ કંપની. પ્રા. લિ.

રાઠવા, ડી. (૨૦૧૩). હૈમ-પ્રપા. પાટણઃ સંસ્કૃત અને ભારતીય ભાષા ભવન, હેમ. ઉ.ગુ. યુનિવર્સિટી.




Scanned with CamScanner